# પૈસો, પિતા, પુત્ર અને પ્રતિષ્ઠા

કહેવાય છે કે ગામડાં હજી શહેરોની જેમ આર્થિક વૈભવથી બહુ અંજાયાં નથી અને ઓછાવત્તા પ્રમાણમાં એ ભારતીય સંસ્કૃતિની અનોખી ઓળખ બની રહ્યાં છે. ભાગ્યે જ કોઈ ગામડામાં રહેતા છેક નીચલા થરનો પરિવાર પણ એનાં ઘરડાં મા-બાપને વૃદ્ધાશ્રમમાં મૂકવાનું વિચારશે. ભલે એ એમની સરખી કાળજી ના લઈ શકે, એમની બીમારી વખતે જરૂરી સારવાર ન અપાવી શકે કે એમને શ્રવણની જેમ તીરથ ન કરાવી શકે તો પણ એમને બે ટંક રોટલો તો આપશે જ. એમને વાત વાતમાં છણકા છાકોટા કરશે પણ ઘરમાંથી કાઢી તો નહીં જ મૂકે. એમની લાગણીઓને ઠેસ પહોંચાડીને પણ એ એમને પોતાના ઘરમાં કુદરતી મોતે મરવા દે છે. કારણ કે એ કુદરતથી ડરે છે. ઘરડાં માબાપને જ નહીં, અશક્ત થઈ ગયેલાં અને વસૂકી ગયેલાં પાલતુ પ્રાણીઓને પણ એ પાળે છે. એમાં પરંપરાગત 'પુણ્ય અને પાપ'વાળી દૃઢીભૂત થઈ ગયેલી માન્યતાઓ પણ અગત્યનો ભાગ ભજવે છે. એની સરખામણીમાં શહેરમાં વસતા લોકો હવે લોકનિંદા કે પાપ-પુણ્યની ફિકર કર્યા વિના વૃદ્ધ વડીલોને એમની ઉંમરની વ્યક્તિઓ સાથે મન હળવું કરવાની તક મળશે એવું લોજિક લડાવી સામે પગલે કોઈ સુવિધાવાળા વૃદ્ધાશ્રમમાં મૂકી આવી કૃતજ્ઞતા અનુભવે છે સિવાય કે એમ કરવાથી એમને મળવાપાત્ર વારસાગત મિલકત બાબતે મુશ્કેલી ઊભી થવાની સંભાવના હોય.

માબાપને હરહંમેશ પરિવાર સાથે જ રહેવું ગમતું હોય છે છતાં એ પણ નવી પેઢીને નડતરરૂપ થવા કરતાં દૂર થઈ જવાનું મને-કમને સ્વીકારી લે છે અને નવા પરિવેશમાં ગોઠવાઈ જવામાં શ્રેય સમજે છે. સમયની સાથે સામાજિક મૂલ્યો પણ બદલાતાં રહે છે અને માનવી કોઈ જાતની દાદ ફરિયાદ વગર નવા વાતાવરણમાં ઢળતો રહે છે. છેલ્લા 5-7 દાયકાઓમાં કેટલું બધું બદલાઈ ગયું છે એની પ્રતીતિ જૂના ફોટા અને જૂની ફિલ્મો કે પુસ્તકો જોતાં થયા વિના રહેશે નહીં. હવે ગામડામાં રહેતા ખેડૂત અને ખેતમજૂરો પણ

**પુત્ર પિતાને ક્રૂરતાપૂર્વક રહેંસી નાખી પોતાની કારકિર્દી બનાવવાનાં સપનાં જોતો થઈ જાય ત્યારે શું સમજવું? શું આવી ઘટનાઓથી ભારતીય સંસ્કૃતિની ઇજ્જતના ધજાગરા નથી ઊડતા? સંસ્કૃતિ રક્ષકો માટે ફક્ત હિન્દુ રાષ્ટ્ર જ એક માત્ર અને અંતિમ લક્ષ્ય છે?**



મનકા સિતાર
કેશુભાઇ દેસાઇ

પેન્ટ શર્ટ પહેરીને જ એમનું કામ કરે છે. માથે સાફો કે પાઘડી પહેરીને ગૌરવ અનુભવતા ભદ્ર સમાજના આગેવાનો અને શ્રેષ્ઠીઓએ કોઈ શુભ પ્રસંગ સિવાય એ ગૌરવપ્રદ પહેરવેશ ત્યજી દીધો છે અને અંગ્રેજી ભાષાની જેમ અંગ્રેજી પોષાક અપનાવી લીધો છે. બલકે ધોતિયું તો સાવ જ ખોવાઈ ગયું છે અને ગાંધીટોપી તો નામશેષ જ થઈ ગઈ છે. આમ છતાં કુટુંબભાવનાની બાબતે પશ્ચિમના દેશોમાં પણ ભારતનું કુટુંબજીવન વખણાય છે.

હમણાં થોડા દિવસ પહેલાં સૌરાષ્ટ્રમાં બનેલી એક દારુણ ઘટના આપણને નખશિખ ધ્રુજાવી મૂકે એવી છે. ગારિયાધાર પાસેના ગામમાં રહેતા એક ખેડૂત પરિવારમાં આ ખૂંખાર લોહિયાળ ઘટના બની હતી. પિતાએ એકાદ વર્ષ પહેલાં વીમો ઉતરાવ્યો હતો જે મુજબ આકસ્મિક મૃત્યુ થાય તો સિત્તેર લાખ જેવી માતબર રકમ મળે એમ હતી. દીકરો એની કારકિર્દી બનાવવા ઈઝરાયેલ જવાનાં સપનાં જોતો હતો. એ માટે એને પૈસાની જરૂર પડી! એને એ માટે બીજી કોઈ જળોજથામાં પડવા કરતાં બાપનો વીમો પકવવાનું વધારે સહેલું લાગ્યું અને એ માટે એણે એના પિતરાઈને સોપારી આપી દીધી. વાડીએ રહેતા પિતાને ઉંદર મારવાની દવા ખોરાકમાં ભેળવી મારવાની કોશિશ કરી પણ એમાં નિષ્ફળતા મળી. દવા ઊલટી મારફત બહાર નીકળી ગઈ. પણ એથી પિતાનો વીમો પકવવાની યોજના થોડી ખોરંભે ચઢે? આખરે બહુ જ ક્રૂરતાપૂર્વક એણે એ યોજના પાર પાડી. ઈશ્વરનો ડર હવે ગામડામાં રહેતા માણસને પણ રહ્યો નથી. એ પણ પૂરેપૂરો મટીરિયાલિસ્ટિક અભિગમ ધરાવતો થઈ ગયો છે એનું આથી મોટું ઉદાહરણ ક્યું હોઈ શકે?

આપણે ત્યાં પિતા ખાતર પુત્ર અને પુત્ર ખાતર પિતાએ બલિદાન આપીને યાદગાર દાખલા બેસાડ્યા છે. દશરથ રાજાએ રામને વનવાસ જવાનું કહ્યું તો કશી પણ દલીલ વગર એમણે વલ્કલ ધારણ કરી લીધાં હતાં. એમને ખુદ કૈકેયી મનાવવા ગઈ તો પણ એમણે પિતાની આજ્ઞા મુજબ ચૌદ વર્ષનો વનવાસ વેઠી લેવાનું જ પસંદ કર્યું હતું. પિતાની આજ્ઞા પાળી નાનકડા નચિકેતાએ યમને સમર્પિત થઈ જવામાં જ કલ્યાણ જોયું હતું. અરે, એકાદ બે સદી પહેલાં તળાજામાં રાજવી એભલવાળાની ઘટના બની હતી. એમાં પોતાની માનેલી ચારણ બહેનને દીધેલું વચન પાળવા માટે બત્રીસ લક્ષણો રાજા બલિદાન આપવા તૈયાર થયો ત્યારે કુંવરે હઠ પકડી હતી કે તમે નહીં, હું જ બલિદાન આપીશ.. તમારી તો પ્રજાને ઘણી જરૂર છે. મેઘાણીની લોકકથા 'સાંઈ નેહડી' અને બોટાદકરના ખંડકાવ્ય 'એભલવાળો'ની કથા વાંચીને રૂંવાટાં ઊભાં ન થાય તો જ નવાઈ.

ચારણોએ એનો મહિમા કર્યો હતો:
સોરઠો કરે વિચાર, બે વાળામાં કિયો ચડે?
શિરનો સોંપણહાર કે ઓલ્યો વાઢણહાર વખાણીએ?

પુત્ર શબ્દની વ્યુત્પત્તિ જાણીતી છે. 'પુ' નામના નરકમાંથી 'તારે' એનું નામ પુત્ર. પિતાને યાદ કરી ન્હાનાલાલ કેવી ભવ્ય અંજલી આપે છે! પોતે એમની અવહેલના કરી એનો ભારોભાર પસ્તાવો કરતા કવિ દિવંગત પિતાના પરમ પાવન વિભૂતિ તત્ત્વનો પુરસ્કાર કરી એ પુણ્યાત્માનાં પુણ્યોને આભ જેવાં અગાધ ગણાવે છે. એમની હયાતીમાં જ આવું માન આપી શકાયું હોત તો કેવું સારું લાગત! પણ નિયતિ જેનું નામ!

પુત્ર એ પિતાનું જ પ્રતિબિંબ છે. જ્યારે એ જ એને ક્રૂરતાપૂર્વક રહેંસી નાખી પોતાની કારકિર્દી બનાવવાનાં સપનાં જોતો થઈ જાય ત્યારે શું સમજવું? હિંસા માત્ર ઘૃણાસ્પદ કૃત્ય છે, ભલેને એ શત્રુની હોય તો પણ. મહાભારત જીત્યા પછી પણ યુધિષ્ઠિર જીવનનો આનંદ અને અર્થ હારી ગયા હતા. રાજા-રજવાડાં બાપને હટાવીને કે મારી નાખીને સત્તાનાં સિંહાસન સર કરતાં રહ્યાં છે અને અંતે એમના નસીબમાં પસ્તાવા સિવાય કશું જ રહ્યું નથી. સગા ભાઈનો શિરચ્છેદ કરી બાપને એનું વઢાયેલું મસ્તક મોકલી આપનારા ઔરંગઝેબને એવડું મોટું સામ્રાજ્ય ભોગવવાની લાયમાં દિલ્હીમાં કે આગરામાં દફનાવાની તક પણ નથી મળી. એની કબર દખ્ખણમાં ખોદાઈ હતી અને હવે તો એના નામે ઓળખાતા નગર અને માર્ગનાં નામ પણ બદલી નાખવામાં આવ્યાં છે. ઔરંગાબાદ હવે સંભાજીનગર બની ગયું છે અને રાજધાની દિલ્હીમાં જે પ્રસિદ્ધ VVIP નિવાસસ્થાનોનું સરનામું બની ધબકતો હતો એ ઔરંગઝેબ માર્ગ હવે ડૉ.અબ્દુલકલામ માર્ગ બની ગયો છે.

પિતાની અવહેલનાના હજારો દાખલા આખી દુનિયામાં અત્ર તત્ર સર્વત્ર વિખેરાયેલા પડેલા છે પરંતુ ઘર આંગણે સૌરાષ્ટ્ર જેવા ઈશ્વરભીરુ પ્રદેશમાં એક ખેતમજૂરી કરી જીવનનો ઢસરડો કરતા કુટુંબના એક કંધોતરને સગા બાપની કરપીણ હત્યા કરી વીમો પકવી વિદેશવસવાટનું સપનું સાકાર કરવાની ચાનક ચડે એ બાબત નજરઅંદાજ કરવા જેવી નથી. આ એક ખતરાની ઘંટડી છે. સામા પક્ષે કોઈ એક વહાલનો વડલો એની દીકરી બોર કૂવામાં લપસી પડતાં એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર જાતે ભૂસકો મારી એનો જીવ બચાવે છે એ માંગલિક ઘટનાની પણ નોંધ લેવાવી જોઈએ. પરિવારની ભાવના એ માનવ સંસ્કૃતિની સર્વોચ્ચ ઉપલબ્ધિ છે. એને વીંખાતી અટકાવવા સૌએ સહિયારા પ્રયાસો કરવાની પળ પાકી ગઈ છે એવું નથી લાગતું? પતિ પત્નીનું અને પત્ની પતિનું કાસળ કાઢી દેવા લાગી છે. જવાબદાર જંગલ ખાતાનો અધિકારી પ્રેમિકાની સાથે એક છત નીચે જીવવાના 'શુભાશય'થી, જેને સપ્તપદીના ફેરા ફરીને લાવ્યો હતો એને એનાં પેટનાં જણ્યાં સહિત મારીને જમીનમાં ધરબી દે છે! શું આવી ઘટનાઓથી ભારતીય સંસ્કૃતિની ઇજ્જતના ધજાગરા નથી ઊડતા? સંસ્કૃતિ રક્ષકો માટે ફક્ત હિન્દુ રાષ્ટ્ર જ એક માત્ર અને અંતિમ લક્ષ્ય છે? વિચારો. •



# થોડો સમય સ્વ માટે

'એ ભાગદોડભરી જિંદગી ઓર થકના મના હૈ '--ઈશ્વર આપણને દરરોજ 24 કલાકનો એક પેટીપેક દિવસ આપે છે. આ 24 કલાકમાંથી સામાજિક જવાબદારીઓ અને આજીવિકા માટેની રઝળપાટ વચ્ચે આપણે આપણા માટે કેટલું જીવીએ છીએ? આધુનિક વિજ્ઞાને મેડિકલ ક્ષેત્રમાં ઘણાં સંશોધનો દ્વારા માણસની સરેરાશ આયુષ્યની રેખા લાંબી કરી આપી છે પણ સ્ટ્રેસ, જંક ફૂડ, કામ માટે દોડધામને લીધે જીવનરેખા ટૂંકી થઈ ગઈ છે. હાઈ બ્લડ પ્રેશર, રાજરોગ ગણાતો ડાયાબિટીસ, કેન્સર, એન્ઝાયટી, ઓબેસિટી, પ્રદૂષણયુક્ત વાતાવરણ વગેરેને લીધે માણસનું જીવન ખોખલું બનતું ચાલ્યું છે.

મહામંથન
ભરત સંઘવી

કામ અને જવાબદારીનો કોઈ દિવસ અંત નથી આવતો એ તો ચિતા સાથે જ જાય છે. ઓફિસના, ઘરના તથા અન્ય લોકોના કામ માટે- સૌ માટે જીવાય છે પણ નિજ માટે જીવાય છે ખરું? પ્રત્યુતર છે બિલકુલ ના. આપણે પોતાના માટે, નિજાનંદ માટે તો કોઈ દિવસ કંઈ વિચારતા જ નથી અને જીવતા જ નથી. જેથી કરીને કેટલાય રોગો આપણા શરીરરૂપી ઘરમાં પેસી અને વકરતા જાય છે. જો આમાંથી આપણે છૂટકારો મેળવવો હશે તો રોજ પોતાની જાત માટે એકાદ કલાક ફાળવવો જ પડશે. ક્યારેક અરીસા સામે બેસી શાંત ચિત્તે જાત સાથે સંવાદ પણ કરવો જોઈએ. ધ્યાન, મનન, ચિંતન, સ્વિમિંગ, સાઈક્લિંગ, સંગીત, વાંચન, યોગ પ્રાણાયામ- આમાંથી જે કંઈ તમને અનુકૂળ હોય તે પાછળ થોડો સમય ફાળવી આપણા તન અને મનને દુરસ્ત રાખીશું તો જ તંદુરસ્ત જીવન માણી શકીશું. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ આ અષ્ટાંગો છે જેનાથી સામાન્ય માણસ પણ અષ્ટાંગ યોગના નિયમોનું પાલન કરે તો મોટા મોટા ગ્રંથોમાં ના સમજાય તે સમાધિની દિશા તરફ જઈ ઈશ્વરની પ્રાપ્તિ કરી શકે છે.

ફક્ત ભારતના નહીં વિશ્વના બધા જ લોકો તન અને મનથી દુરસ્ત રહે તે માટે 21મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવામાં આવ્યો છે તે જ તેનું મહત્ત્વ કહી જાય છે. દુનિયાના ઘણા બધા દેશોમાં જમીન, પાણી અને હવામાં યોગના આસન કરી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

યોગ એટલે જોડવું અહીં આપણા તન- મન આપણા આત્મા સાથે જોડાય છે. યોગ મન, શરીર, આત્માનું સાર્વભૌમિક ચેતના સાથેનું મિલન છે. જેનાથી સ્વસ્થ અને સંતુલિત જીવન જીવવાની કળા અને વિજ્ઞાન પ્રાપ્ત થાય છે. જેમાં શારીરિક આસનો, પ્રાણાયામ, અને ધ્યાનનો સમાવેશ થાય છે. યોગથી સ્વ સાથેનો પરિચય થાય છે. આપણી શ્વાસની આવનજાવન, તેના ઉપર નિયંત્રણ વગેરેથી તન અને મન પ્રફુલ્લિત રહે છે. જેનાથી સ્વાસ્થ્ય, શાંતિ, એકાગ્રતા અને આત્મ સાક્ષાતકાર પ્રાપ્ત થાય છે. યોગ એ કળા અને વિજ્ઞાન છે. જે વ્યક્તિને સાર્વભૌમિક ચેતના સાથે જોડે છે.

**કામ અને જવાબદારીનો કોઈ દિવસ અંત નથી આવતો એ તો ચિતા સાથે જ જાય છે. ઓફિસના, ઘરના તથા અન્ય લોકોના કામ માટે- સૌ માટે જીવાય છે પણ નિજ માટે જીવાય છે ખરું? પ્રત્યુતર છે બિલકુલ ના. આપણે પોતાના માટે, નિજાનંદ માટે તો કોઈ દિવસ કંઈ વિચારતા જ નથી અને જીવતા જ નથી**

જેથી શરીરનાં બધાં જ પાસાંઓને સંતુલિત કરે છે.

યોગનું મહત્ત્વ સમજી ગુજરાત સરકારે યોગ બોર્ડની રચના કરી શાળા, કોલેજો અને આમ જનતા વચ્ચે યોગનો પ્રસાર અને પ્રચાર વધે તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સોસાયટી મહોલ્લામાં યોગ ટીચર દ્વારા નિ:શુલ્ક યોગ અને પ્રાણાયામનો અભ્યાસ કરાવવામાં આવે છે. સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થયેલા નાગરિકો તેનો લાભ લે છે.

યોગનાં જુદાં જુદાં આસનો જેવાં કે ચક્રાસન, શીર્ષાસન, ભુજંગાસન, સૂર્ય નમસ્કાર તથા પ્રાણાયામના જુદા જુદા પ્રકારો જેવા કે ભ્રામરી, ભસ્ત્રિકા, અનુલોમ-વિલોમ દ્વારા તન અને મનને આત્મા - પરમાત્મા સાથે જોડી સારું સ્વાસ્થ્ય મેળવી શકાય છે. •



**ભરત મંત્ર:-**

**શિયાળો એટલે બારે માસનું સ્વાસ્થ્ય ભરવાની મોસમ. યોગ અને પ્રાણાયામ દ્વારા આ ભાથું સહેલાઈથી આપણને પ્રાપ્ત થાય છે. •**

અનુસંધાન પાના એકનું

## બહુશ્રુત

આની સરખામણી મેસીની 2011ની ભારત મુલાકાત સાથે કરીએ, જેમાં આર્જેન્ટિના અને વેનેઝુએલા વચ્ચે FIFA દ્વારા માન્યતા પ્રાપ્ત આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ હતી. મેસી રમ્યો, હરીફાઈ કરી, ગોલ આસિસ્ટ કર્યો. ચાહકો સંતોષ સાથે ગયા કારણ કે તે ઈવેન્ટમાં ફૂટબોલના ખેલનો મલાજો જળવાયો. 2025ના પ્રવાસે ફૂટબોલની જ બાદબાકી કરી નાખી. માત્ર હાઈપ (Hype), હાયરાર્કી (Hierarchy) અને પોકળ ક્ષણો બચ્યાં જેમાં ભારતીય સ્પોર્ટ્સ એડમિનિસ્ટ્રેશન માહેર છે.

ISL ની કટોકટી રાતોરાત નથી આવી. આ વર્ષોના નાણાકીય ગેરવહીવટ અને અવાસ્તવિક અપેક્ષાઓનું પરિણામ છે. 2014 થી અત્યાર સુધીમાં લીગે અંદાજિત 5000 કરોડ રૂપિયાનું નુકસાન કર્યું છે. ક્લબો વાર્ષિક આશરે 60 કરોડ ખર્ચે છે પણ સેન્ટ્રલ રેવેન્યુમાંથી તેમને માત્ર 13-16 કરોડ મળે છે. સ્ટેડિયમમાં હાજરી 2014માં મેચ દીઠ 25000 હતી જે ગત સીઝનમાં ઘટીને 11,084 થઈ ગઈ છે.

AIFF ના ટેન્ડરમાં 37.5 કરોડની ગેરંટી માંગવામાં આવી હતી, સામે કોમર્શિયલ પાર્ટનરને 6 સભ્યોના ગવર્નિંગ બોર્ડમાં માત્ર એક સીટ ઓફર કરાઈ, જ્યાં વીટો પાવર (Veto Power) તો AIFF પાસે જ રહેવાનો હતો. કોઈ પણ રોકાણકાર ઓપરેશનલ કંટ્રોલ વગર કરોડોનું નુકસાન ભોગવવા તૈયાર ન થાય.

ભારતીય ફૂટબોલમાં 120 કરોડ રૂપિયાથી શું થઈ શક્યું હોત? આઈ-લીગ (I-League) ને આગલા 20 વર્ષ સુધી ચલાવી શકાઈ હોત. 40થી વધુ યુવા એકેડમીઓને એક વર્ષ માટે ફંડ આપી શકાયું હોત. તમામ રાજ્યોમાં યુવા સ્પર્ધાઓ યોજી શકાઈ હોત. સ્ટેડિયમનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુધારી શકાયું હોત. રેફરી ટ્રેનિંગ પ્રોગ્રામ બનાવી શકાયા હોત. તેના બદલે, આપણે આ રકમ ત્રણ દિવસના પ્રમોશનલ પ્રવાસમાં ઉડાવી દીધી, જેનાથી માળખાગત રીતે કશો જ ફરક પડ્યો નથી. આમાં મેસીનો વાંક નથી. તેણે તેનો કોન્ટ્રાક્ટ પૂરો કર્યો અને તે પૂરા ગ્રેસ સાથે વર્ત્યો. પરંતુ ભારતીય ફૂટબોલનું ભવિષ્ય સેલિબ્રિટી વિઝિટથી નહીં બને. તે માટે મેસી માટે 120 કરોડ એકઠા કરનારા હિતધારકોએ સ્થાનિક ફૂટબોલ માટે તેની 10 ટકા પ્રતિબદ્ધતા પણ બતાવવી પડશે.

ઝીંગને આરપાર વિંધી નાખે એવી વાત પણ લખી કે, "આ ઘટના મને એમ કહે છે કે આપણે રમતને પ્રેમ તો કરીએ છીએ પણ ખેલાડીઓને સપોર્ટ કરવા જેટલો નહીં." આપણે સામ્રાજ્યવાદને ભાંડીએ પણ હકીકત એ છે કે આપણને વિદેશની મોહ છૂટતો નથી. ફૂટબૉલ જ્યારે વિદેશી ગ્લોબલ બ્રાન્ડના પૅકેજિંગમાં આવે છે ત્યારે આપણે તેની પૂજા કરીએ છીએ. વિદેશની મહાનતા, વિદેશી લેજન્ડ માટે અઢળક ખર્ચો કરવાની આપણી તૈયારી હોય છે પણ એવો માહોલ, એવા ખેલાડી અહીં તૈયાર કરવાનું રોકાણ કરવાની આપણી દાનત નથી. આપણને બધું રેડીમેડ જોઇએ છે, કંઇક અફલાતુન GOAT ખડું કરવાની લાંબી ખર્ચાળ મહેનત માગે લેત પ્રક્રિયા કરવામાં આપણને રસ નથી. •

અનુસંધાન પાના એકનું

## અબીલ ગુલાલ



મુંબઈમાં મરાઠાઓ વચ્ચે રહેવું છે અને શિવસેના-મનસેની અપ્રસન્નતા વહોરવી નથી તેથી ગણેશ ચતુર્થીએ ઠાઠમાઠથી ભગવાન ગણપતિજીની મૂર્તિ લાવે છે, તેની પૂજાના ફૉટા-વિડિયો મૂકે છે, બાકી ભગવાનને અને તેમને બાર ગાઉનું છેટું છે. એટલે સમાજની વ્યાખ્યાની રીતે આ સેલિબ્રિટીઓ ચોક્કસ જ સામાજિક નથી, આમ છતાં તેઓ સામાજિક છે તો ખરા. કેવી રીતે?

તેમનો પોતાનો અલગ સમાજ છે અને આ સમાજના નિયમો પ્રમાણે તેઓ સામાજિક છે. તેમના સમાજના નિયમો એવા છે કે જો તેઓ એકબીજાને મળતી વખતે નમસ્તે કરે કે માત્ર હાય કહે તો તેને અસામાજિક ગણવામાં આવે છે. પ્રેમ કે લાગણી ન હોય તોય ગળે જ મળવાનું, ચુંબનનો સંકેત કરવાનો અથવા ગાલે ચુંબન કરવાનું જ.

ફિલ્મ શૂટિંગમાં જ નહીં, પરંતુ પાર્ટી અને ફિલ્મના પ્રમૉશનમાં અંગ પ્રદર્શન થાય તેવાં કપડાં પહેરવાનાં. જો કલાકાર પુરુષ હોય અને ઘરડો થઈ ગયો હોય તો રાત્રે પણ આંખની નીચેનાં કુંડાળાં ન દેખાય તે માટે કાળા ડિબાંગ ગૉગલ્સ પહેરવાના. ગળાની કરચલી ન દેખાય તે માટે મફલર કે રૂમાલ જેવું બાંધવાનું. અથવા કૉટની નીચે બંધ ગળાનું ટી-શર્ટ પહેરવાનું.

પોતે કેટલાં મૉડર્ન અને આધુનિક છે તે દેખાડવાનું. શુદ્ધ હિન્દી કે શુદ્ધ ગુજરાતી નહીં બોલવાનું. પરંતુ મોટા ભાગનું અંગ્રેજી અને વચ્ચે ઉર્દૂ શબ્દો સાથેનું ક્રિયાપદવાળું હિન્દી બોલવાનું. પ્રાણીઓના ચામડામાંથી બનેલાં પર્સ અને વસ્ત્રો પહેરી પર્યાવરણ પર ચિંતા વ્યક્ત કરવાની.

લગ્ન સંસ્થા વિરુદ્ધ બોલવાનું. હેલોવિન, વેલેન્ટાઇન્સ ડે જેવા વિદેશથી આયાત કરેલા દિવસો મનાવવાના અને ભારતીયોને વટલાવવા માટે નવરાત્રિમાં જાવ તો પણ અર્ધનગ્ન જેવાં કપડાં પહેરીને જવાનું.

ગાયક-ગાયિકા હો તો તમારા અવાજ કરતાં તમારા લટકા-ઝટકા વધુ બતાવવાના. હિન્દુ તહેવારો પર શીખામણ આપવાની. હિન્દુ પ્રથાઓ વિરુદ્ધ બોલવાનું. જો આ બધું ન કરે તો તેઓ પોતાના સમાજની નાતમાંથી બહાર નીકળી જાય. એટલે સેલિબ્રિટીઓ સામાજિક પ્રાણી તો છે જ. •

અનુસંધાન પાનાત્રણનું

## કબીરા ખડા...

પ્રમુખ સત્તાઓમાં અમેરિકા અને ચીન ત્રાસવાદને ડામવામાં ખાસ રસ ધરાવતાં નથી. તેઓ સહેતુક આંખમિચોલી કરે છે અને એ રીતે દુષ્ટ રાષ્ટ્રોની, દુષ્ટ લોકોની દુષ્ટ પ્રવૃતિઓને પ્રોત્સાહન આપે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા જેને ટેરર ગ્રુપો જાહેર કરવામાં આવ્યાં છે.

તે બધાં પાકિસ્તાનમાં છે અને પાકિસ્તાન સરકાર તરફથી મદદ મેળવે છે. જેવાં કે લશ્કર- એ- તયબ્બા, જૈશ-એ- મોહમ્મદ, હરકત -ઉલ -મુજાહીદીન, હરકત ઉલ અન્સાર વગેરે. બીજી તરફ એ જ સંયુક્ત રાષ્ટસંઘના ઉપક્રમે IMF દિવાળિયા પાકિસ્તાનને લોન આપે છે. પાકિસ્તાનને ધર્માદા જૂથોના નામે, અંચળો ઓઢીને અનેક ત્રાસવાદી જૂથો મોજ મનાવી રહ્યાં છે. પાકિસ્તાન ચીન અને અમેરિકા બંને પાસેથી ફંડફાળો અને તાકાત મેળવતું રહે છે અને ભારત, અફઘાનિસ્તાન જેવા પડોશીઓને પજવતું રહે છે. અમેરિકાના વલણ અને સ્વાર્થ પ્રમુખ અને સત્તાધારી પક્ષ બદલાય છે. તે મુજબ બદલાય, ઈમરાન ખાન સ્થિતિ સમજી ગયા હતા અને સુધારા કરવા ઈચ્છતા હતા પરંતુ દુનિયાની સત્તાઓને એ પસંદ ન પડ્યું. આજે ફરીથી પાકિસ્તાન દુનિયાના ત્રાસવાદના કેન્દ્રબિંદુ તરીકે જાહેર થયું છે પણ ટોપ ગુંડાઓ મરતબો લાંબો ચાલવાનો નથી. સિડનીનો ત્રાસવાદી અકરમ કદાચ ભારતના હૈદરાબાદમાં જન્મ્યો હશે. હજુ પાકા પાયે નક્કી થયું નથી પરંતુ એ બાપ-દીકરો ત્રાસવાદની તાલીમ માટે પાકિસ્તાન જતા-આવતા હતા. મોટો બોધપાઠ ભારતે લેવાનો છે. ત્રાસવાદ સામેની શ્રેષ્ઠ તૈયારી દિવસ-રાત રાખવી પડશે અને પાકિસ્તાનની ભેંસને એક દિવસ એના શિંગ જરૂર ભારે પડશે. •